જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૮/૦૧/૨૦૧૭ બુધવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૧૮/૧૭**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૦ કેસ કરી, ૧૦ વ્યક્તિઓને ઝડપી, ૧૪૩ લીટર દેશી દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૧૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૩,૪૮૫/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૧૯/૧૭**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૫૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડી અને વિશ્વાસઘાત :-** **સમાચાર યાદી નં.૧૨૦/૧૭**

**નવરંગપુરાઃ** વિનીતકુમાર નંદુભાઇ અગ્રવાલ (રહે. પુષ્પવન એપાર્ટમેન્ટ, જજીસ બંગ્લોઝ બોડકદેવ) એ તા.૧૭/૧/૧૭ નારોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સપ્ટેમ્બર અથવા ઓક્ટોમ્બર ૨૦૧૫ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) વસંતભાઇ પરમાર (રહે. આશ્રય ટાવર આનંદનગર ચાર રસ્તા પાસે) (૨) જયેશભાઇ ગુણવંતરાય કલ્યાણી (રહે. નીલપરા કલ્યાણીકુંજ રાજકોટ) અને (૩) સી.એ.મિનેષભાઇ મહેતા (રહે. ઓફીસ નં.૨૧૨, સહજાનંદ કોમ્પલેક્ષ ભગવતી ચેમ્બર્સની પાછળ,સી.જી.રોડ,નવરંગપુરા) એ ભેગા મળી નવરંગપુરા સી જી રોડ ભગવતી ચેમ્બર્સની પાછળ સહજાનંદ અકોમ્પલેક્ષ ૨૧૨ ખાતે વિનીતકુમારને જણાવેલ કે પોતાની એગ્રો આફ્રીકા સરલ કંપનીના ઓથોરાઇઝના નામની કંપની હોવાનું જણાવી તે કંપનીમાંથી વિનીતકુમારને “કાજુ ખરીદ-વેચાણ કરશે તો ઘણો મોટો ફાયદો થશે” તેવો વિશ્વાસ અને ભરોસો આપતાં, વિનીતકુમારે ૧૦૦ ટન કાચા કાજુની ખરીદ કરવાનું નક્કી કરી તેના આશરે રૂપિયા ૭૫,૦૦,૦૦૦/- આરોપીઓના ખાતામાં ચુકવી આપેલ જે નાણાં આરોપીઓએ મેળવી લઇ, બાદમાં કાજુના ભાવ વધી ગયેલ હોવાનું બહાનું જણાવી કાજુની ડીલીવરી નહીં આપી, વિનીતકુમાર સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી બી.કે.ગોસ્વામી ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**શાહપુરઃ** ચંદ્રીકાબહેન વા/ઓ ભરતકુમાર વેદ (ઉ.વ.૪૭) (રહે.સનાતન રેસીડેન્સી બકેરી સીટી વેજલપુર) એ શાહપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૭/૧/૧૭ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે ચંદ્રીકાબહેનના સાસુ મધુબહેન (ઉ.વ.૭૫) ગીતા મંદીર એસ.ટી.બસ સ્ટેન્ડથી વેજલપુર જવા ઓટોરિક્ષામાં બેઠા હતા ત્યારે તેમની પાસે (૩૦ વર્ષના આશરાની) એક અજાણી સ્ત્રી આવી હતી અને મારે વેજલપુર જવાનુ છે તેમ કહી રિક્ષામાં બેઠી હતી. રિક્ષામાં ચંદ્રીકાબહેનના સાસુ મધુબહેન સાથે વાતચીત કરી વિશ્વાસમાં લઈ લલચાવી ફોસલાવી કારંજ ભદ્ર ખાતે દર્શન કરીને જઈએ તેમ કહી ભદ્રકાળી મંદિર તેમજ બહુચરાજી માતાના મંદિરે દર્શન કરી વિધવા સહાયની વાત કરી કયાંકથી રૂપિયા ૨૦૦૦/- લાવી થેલામાં મુકાવ્યા હતા. ત્યારબાદ મધુબહેન પાસેથી સોનાની બંગડી નંગ-૨ કિમત રૂપિયા ૬૦,૦૦૦/- તથા બે થેલામા મુકેલા રૂપિયા ૬૦૦૦/- મળી કુલ રૂપિયા ૬૬,૦૦૦/-મતાના થેલામાં મુકાવી મધુબહેનને શાહપુર મિરઝાપુર કોર્ટ સામે દિવ્ય વસુંધરા કોમ્પ્લેક્ષ નજીક ઓટલા ઉપર બેસાડી હું આવુ છું, તમે બેસો તેમ કહી દાગીના સાથેનો થેલો લઈ નાસી ગઈ હતી. આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.કે.ઝાલા ચલાવે છે.

**રામોલઃ** અમિત દિલીપરાવ ગાયકવાડ (ઉ.વ.૨૪) (રહે.સનફ્લાવર કોમ્પ્લેક્ષ નીલમ સેંડવીચની ઉપર મેમનગર ગુરુકુળ) એ તા.૧૭/૧/૧૭ નારોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૮/૮/૨૦૧૬ થી તા.૨૦/૯/૨૦૧૬ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી અમિત ભુપેંદ્રભાઇ ઠાકર (રહે.ઇશ્વરલીલાપાર્ક જામફળવાળી રામોલ) એ ગોકુલનગર સોસાયટી સુરેલિયા રોડ તથા રામોલ નૈયા એપાર્ટમેન્ટ ખાતે અમિત ગાયકવાડ તથા બીજા ગ્રાહક પાસેથી તેમના ઇ.એમ.ઇ.નંબર તથા ઓ.ટી.પી.મેળવી કુલ-૬ મોબાઇલ ફોન કિંમત રૂપિયા ૨,૪૧,૯૮૪/- ના ફ્લિપકાર્ડ ઓનલાઇન કંપનીમા નોધવી પોતાના તથા અન્યના નામે જુદી જુદી જગ્યાએ ડીલીવરી લીઘેલ હોય આ તમામ ફોનની કિંમત બજાજ ફાયનાન્સ કંપનીએ ફ્લિપકાર્ડ કંપનીને જે તે વખતે મોબાઇલના રુપિયા ચુકવી આપેલા છે જેથી આ આરોપી બજાજ ફાયનાંસ કંપનીના એકજીક્યુટીવ તરીકે નોકરી કરતો હોવાનુ ખોટી રજુઆત કરી બજાજ ફાયનાન્સ કંપનીના બે ગ્રાહકોને રોકડા નાણા મેળવી આપશે તેઓ વિશ્વાસ આપી નહીં ચુકવી છેતરપિંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.ડી.સોલંકી ચલાવે છે.

<u>**ઘરફોડઃ-**</u> <u>**સમાચાર યાદી નં.૧૨૧/૧૭**</u>

**કૃષ્ણનગરઃ** પ્રકાશ મગનલાલ શાહ (રહે. મહાસુખનગર નોબલસ્કુલ કૃષ્ણનગર) એ તા.૧૭/૧/૧૭ નારોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૧/૧૭ કલાક ૬/૩૦ થી તા.૧૫/૧/૧૭ બપોરના ૪/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના બેડરુમના દરવાજાનું તાળુ ડુપ્લીકેટ ચાવીથી ખોલી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી કબાટમાંથી રોકડ રૂપિયા ૮,૦૦,૦૦૦/- ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ શ્રી સી.આર.સગાડા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૨૨/૧૭</u>**

**ગુજરાત યુનિવર્સિટીઃ** નિશીત પંકજભાઈ પટેલ (ઉ.વ.૨૨) (રહે.કુવાવાળો ખાંચો કીકાભટ્ટની પોળ પંચભાઈની પોળની સામે દરીયાપુર) તા.૧૭/૧/૧૭ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે પોતાની બહેનના લગ્નના જમણવારમાં નારણપુરા એ.ઇ.સી.બ્રીજ પાસે ટોરેન્ટ પાવરની સામે બીનાની કોમ્પ્લેક્ષ બેંકેટ હોલમાં ગયા હતા ત્યારે સોના ચાંદીના દાગીના કિમત રૂપિયા ૧,૩૯,૫૯૫/- મતા સાથેની બેગ ખુરશી ઉપર મુકી હતી. જે બેગ અજાણી વ્યક્તિ નિશીત પટેલની નજર ચુકવી ચોરી કરી લઈ ગઈ હતી. આ અંગેની ફરીયાદ નિશીત પટેલે ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.જે.ચૌહાણ ચલાવે છે.

**<u>વાહન ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૨૩/૧૭</u>**

**સોલા હાઇકોર્ટઃ** ધનંજયભાઇ સુરેશભાઇ પટેલ (રહે. શ્રી રત્ન એપાર્ટમેન્ટ સુરધારા સર્કલ પાસે થલતેજ) એ તા.૧૫/૧/૧૭ કલાક ૧૧/૦૦ વાગે જનતાનગર બળદેવભાઇ રબારીની ચાલી સામે પોતાની ટેમ્પો ટ્રાવેલર ગાડી નંબર જીજે ૧ ડીઝેડ ૨૭૯૬ કિંમત રૂપિયા ૮,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૧૬/૧/૧૭ સવારના ૮/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ ધનંજયભાઈ પટેલે તા.૧૭/૧/૧૭ નારોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.બી.સૈયદ ચલાવે છે.

**સરખેજઃ** દેવષીભાઈ દિલીપભાઈ પટેલ (રહે.રઘુકુળ બંગ્લોઝ ગુલાબ ટાવર પાસે થલતેજ) એ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૭/૧/૧૭ રાતના ૯/૪૫ વાગે અંદાજ પાર્ટી પ્લોટથી કર્ણાવતી કલબ જતા સર્વીસ રોડ ઉપર એ.એમ.ટી.એસ.બસ સ્ટેન્ડ પાછળ પાર્ક કરેલ પોતાની સેન્ટ્રો કાર નંબર જીજે ૧ એચએલ ૧૫૪૭ કિમત રૂપિયા ૯૦,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ મકરબા ચોકીના ઈન્ચાર્જ ચલાવે છે.

**વટવાઃ** હીરાલાલ નાગજીભાઇ સાલવી (રહે.શ્રીનાથ કોમ્પલેક્ષ કોયલી તલાવડીની બાજુમાં નારોલ અસલાલી હાઇવે નારોલ વટવા) એ તા.૫/૧/૧૭ રાતના ૯/૦૦ વાગે વટવા પોતાની દુકાન આગળ પોતાની બોલેરો ગાડી નંબર જીજે ૧ ડીએક્ષ ૭૧૬૨ કિમત રૂપિયા ૨,૯૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૬/૧/૧૭ સવારના ૬/૩૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ હીરાલાલ સાલવીએ વટવા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એસ.પટેલ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>કરંટ લાગતા મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૨૪/૧૭</u>**

**માધવપુરાઃ** શહેનાઝબાનુ વા\ઓ નૌશાદખાન પઠાણ (ઉ.વ.૨૭) (રહે.શાહી મસ્જીદ કમ્પાઉન્ડ ગેટ નંબર-૨ દુધેશ્વર) તા.૧૭/૧/૧૭ સવારના ૧૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે બાથરૂમમાં નાહવા જતા ગીજરમાંથી કરંટ લાગતા દાઝી ગયા હતા. સારવાર માટે સીવીલ હોસ્પીટલ લઈ જતાં ફરજ પરના ડૉ.શ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગે માધવપુરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી વી.એમ.ઝાલા ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)